| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬–૦૯–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬–૦૯–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૮–૦૩ –૨૦૨૬ |
| સમય ગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૦ ૦૬ ૦૨ |

**<u>મહે.સુરેન્દ્રનગરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ</u>**
**મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**<u>એચ.એમ.પી.નં. ૭/૨૦૨૫.</u>**
**આંક–**

અરજદારો : (૧) શાહ હર્ષવર્ધન નરેશભાઈ,
ઉ.વ.૨૭, ધર્મે હિન્દુ, ધંધો પ્રાઈવેટ નોકરી,
રે. રાધેદર્શન સોસાયટી, ૧/૧૭,
બાવળા રોડ,ટવીન્સ બંગ્લોઝ,
સાણંદ,તા.જી. અમદાવાદ

(૨) માનસીબેન ડો.ઓફ હિંમતભાઈ મહેતા તે
વા.ઓફ હર્ષવર્ધન શાહ ઉ.વ.૨૩, ધર્મે હિન્દુ,
ધંધો ઘરકામ, રે.રામજી મંદિરની બાજુમા,
જૈન દેરાસર પાસે, થાનગઢ, તા. થાનગઢ,
જી. સુરેન્દ્રનગર

**વિરુઘ્ધ**

સામાવાળા : કોઈ નહી.

**<u>અરજી</u> : <u>હિન્દુ મેરેજ એકટની કલમ ૧૩ (બી)(૧) મુજબ પરસ્પર સંમતિથી લગ્ન વિચ્છેદ અંગેનુ હુકમનામુ મેળવવા બાબત...</u>**

*********************************************

**અરજદારો તરફે વિઘ્વાન વકીલ શ્રી. એમ.બી.દવે.**

*********************************************

**– ઠ રા વ –**

(૧) અરજદારોની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારોના લગ્ન હિન્દુ શાસ્ત્રોકત વિધી અને તેઓની જ્ઞાતીના રીત રીવાજ મુજબ તારીખ: ૧૧/૦૨/૨૦૨૩ ના રોજ સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ મુકામે થયેલ છે તેજ દિવસથી અરજદારો લગ્ન ગ્રંથીથી જોડાઈને પતિ પત્ની તરીકેના લગ્નના હકકો અને ફરજો ભોગવતા હતા.

વધુમાં જણાવે છે કે, અરજદાર નંબર ૧ તથા અરજદાર નં. ૨ પતિ પત્ની તરીકે સાણંદ મુકામે એક બીજાની સાથે રહેતા હતા. અરજદાર નં. ૨ ને લગ્ન જીવનથી કોઈ સંતાન પ્રાપ્ત થયેલ નથી અને તેઓને કોઈ સંતાન નથી અને અરજદાર નં. ૨ હાલમાં સગર્ભા પણ નથી.

વધુમાં જણાવે છે કે, બંન્ને અરજદારો એક બીજા સાથે પતિ પત્ની તરીકે સાથે રહેતા હતા પરંતુ ગઈ તારીખ : ૫/૯/૨૦૨૪ થી એક બીજાથી જુદા રહે છે. બંન્ને પક્ષકારોને એક બીજાથી મનમેળ ન હતો અને નાની નાની વાતમાં મતભેદ થતા હતા જે દરરોજ થતા હતા બંન્ને પક્ષકારો વચ્ચે ઉભા થતા મતભેદના કારણે બંન્ને પક્ષકારો એક બીજા સાથે રહીને જીંદગી વિતાવી શકીએ તેમ ન હતા જેથી ગઈ તારીખ : ૫/૯/૨૦૨૪ થી બંને પક્ષકારો એક બીજાથી તદન જુદા રહે છે.

વધુમાં જણાવે છે કે, બંન્ને પક્ષકારોનો સ્વભાવ એક બીજાથી વિરૂધ્ધ હતો જેથી તેઓની વચ્ચે નાની બાબતોમાં ઘર્ષણ ઉભુ થતુ રહેતુ હતુ આ નીત્યક્રમ બની જતા તેઓનું લગ્ન જીવન દુઃખદ અને અસહય બની ગયેલ હતુ જેથી બંન્ને અરજદારો નં. ૧ તથા ૨ ની ઉંમર નાની હોય જેથી એક બીજાથી પરસ્પર સંમતીથી લગ્ન જીવનમાં છુટાછેડા લેવાનો નીર્ણય કરેલ છે. બંન્ને પક્ષકારો કોઈ સંજોગોમાં સાથે રહીને તેઓનું લગ્ન જીવન આગળ ચલાવી શકે તેમ નથી. બંન્ને પક્ષકારોના માતા પિતા સગા સબંધી વિગેરેએ તેઓની વચ્ચે સમાધાન કરાવવા પ્રયત્ન કરવા છતા તેઓનું લગ્ન જીવન તેઓ સાથે રહીને વીતાવી શકે તેમ ન હતા.

વધુમાં જણાવે છે કે, અરજદાર નં. ૧ તથા અરજદાર નં. ૨ નાએ એક

બીજાથી છુટાછેડા લેવાનો નીર્ણય કરતા અરજદાર નં. ૧ નાએ અરજદાર નં. ૨ ને આજીવન ભરણ પોષણ પેટે રૂા. ૪,૦૦,૦૦૦/– અંકે ચાર લાખ પુરા તારીખ : ૩/૦૮/૨૦૨૫ ના રોજ ચોટીલા મધ્યે ચુકવી આપેલ છે જે રકમ અરજદાર નં.૨ નાએ સ્વેચ્છાએ આજીવન ભરણ પોષણ પેટે સ્વીકારતા ભવિષ્યમાં કયારેય અરજદાર નં. ૨ નાએ અરજદાર નં. ૧ પાસેથી ભરણ પોષણ મેળવવા હકદાર રહેશે નહી કે અરજદાર નં. ૧ ની સ્થાવર કે જંગમ મીલ્કતમાંથી લાગ ભાગ હકક હીત હીસ્સો મેળવવા હકદાર રહેશે નહી. અરજદાર નં. ૨ નો ભવિષ્યમાં અરજદાર નં. ૧ પાસેથી ભરણ પોષણ મેળવવાનો હકક અરજદાર નં. ૨ ના સ્વેચ્છાએ જતો કરેલ છે.

વધુમાં જણાવે છે કે, અરજદાર નં. ૧ પાસેથી ભરણ પોષણ મેળવવા માટેની અરજી કોઈ પણ કોર્ટમાં દાખલ કરેલ નથી કે તેઓને દાખલ કરવાની પણ નથી. તેમજ અમોએ દુઃખ, ત્રાસ કે કરીયાવર બાબતે કોઈ કેસ અરજદાર નં. ૧ કે તેમના ઘરના સભ્યો સામે કરેલ નથી કે અમારે કરવાના પણ નથી. અરજદાર નં. ૧ તથા તેમના પરીવારજનો ઉપર ડોમેસ્ટીક વાયોલન્સ એકટ મુજબ અરજી થાનગઢ કોર્ટમાં પ.ફો.અ.નં. ૧/૨૦૨૫ થી કરેલ હતી જે અમે સ્વેચ્છાએ વીથડ્રો કરી લીધેલ છે. અરજદાર નં. ૨ ના કરીયાવરની તમામ ચીજવસ્તુઓ તથા દર દાગીના ઝવેરાત અરજદાર નં. ૧ નાએ અમોને સોંપી આપેલ છે. બંન્ને પક્ષકારોએ એક બીજાને એક બીજાની તમામ ચીજવસ્તુઓ તેઓની વચ્ચે થયેલ કરાર મુજબ પરત સોંપી આપેલ છે. આ અગાઉ તેઓ બંન્નેએ એક બીજાથી છુટાછેડા લેવા અરજી દાખલ કરેલ નથી. આજ પછી બંન્ને પક્ષકારોએ એક બીજા સામે ફરીયાદ દાવા વિગેરે કરવાનુ નથી જેની એક બીજાને ખાત્રી આપેલ છે.

વધુમાં જણાવે છે કે,અમે બંન્ને પક્ષકારોએ તારીખ : ૫/૯/૨૦૨૪ થી એક બીજાથી જુદા થયેલ ત્યારથી આજ દિન સુધી તેઓ એક બીજાને મળેલ નથી કે એક બીજા સાથે આ સમય દરમ્યાન તેઓએ શરીર સુખ માણેલ નથી કે ભોગવેલ નથી. બંન્ને પક્ષકારો વચ્ચે થતા મતભેદ મનભેદમાં પરિણમતા અમે એક બીજાથી ગઈ તારીખ: ૫/૯/૨૦૨૪ થી અલગ રહે છે

અને તેઓ બંન્ને પક્ષકારો ફરી થી એક બીજાની સાથે રહી શકીએ તેમ ન હોવાથી સ્વેચ્છાએ એક બીજાથી રાજી ખુશી થી છુટા પડવાનો અમે નિર્ણય કરતા અમારે હાલની અરજી કરવાની જરૂરત ઉભી થયેલ છે. આ અરજી કોઈ પક્ષકારે પરત ખેંચવાની નથી તેમ એક બીજાને અમે ખાત્રી આપીએ છીએ. તેમજ છુટાછેડા થયા બાદ ભવિષ્યમાં કોઈ પક્ષકારના લગ્ન અન્ય પાત્ર સાથે થાય તો બીજા પક્ષકારે કોઈ વાંધો કે તકરાર ઉભી કરવાની નથી જેની પણ અમે બંન્ને પક્ષકારો એક બીજાને ખાત્રી આપીએ છીએ.

વધુમાં જણાવે છે કે, આ છુટાછેડાની અરજીનું કારણ ગઈ તારીખ ૫/૯/૨૦૨૪ થી પક્ષકારો મતભેદ અને મનદુઃખના કારણે એક બીજાથી જુદા રહયા ત્યારથી ઉત્પન્ન થયેલ છે જે હાલમાં પણ ચાલુ જ છે.

વધુમાં જણાવે છે કે, આ પરસ્પર સંમતી થી છુટાછેડાની અરજી કોઈ મેણાપીપણામાં કરેલ નથી પરંતુ બંન્ને અરજદારોએ સ્વેચ્છાએ, રાજી ખુશી થી, તેમજ અમારુ લગ્ન જીવન બીલકુલ અસહય થઈ ગયેલ હોય તેમજ તેઓ બંન્નેના એક બીજાની સાથે રહેવાના કોઈ ચાન્સ ન હોય જેથી કરેલ છે. તેઓના મતભેદ તથા મનભેદના કારણે જ આ છુટાછેડાની અરજી તેઓએ દાખલ કરવાની જરૂર ઉભી થયેલ છે

વધુમાં જણાવે છે કે, આ કામે પક્ષકારોની નાની ઉમર હોઈ એક બીજાને બીજા પાત્ર મળી શકે તેમ હોય જેથી છ માસનો વેઈટીંગ પીરીયડ વેઈવ કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ છે.

ત્યારબાદ પક્ષકારો દાદ માંગતા જણાવે છે કે, અરજદારો તારીખ ૦૫/૦૯/૨૦૨૪ થી એક બીજાથી તદન અલગ રહેતા હોય અને અરજદારો ભેગા રહીને લગ્ન જીવન સાથે વિતાવી શકીએ તેમ ન હોઈ જેથી ગઈ તારીખ ૧૧/૦૨/૨૦૨૩ ના રોજ થયેલ અમારા લગ્નના છુટાછેડા મેળવવાનો હુકમ તથા હુકમનામુ ન્યાયના હીતમાં કરી આપવા નમ્ર અરજ છે.

(૨) આ કામે અરજદારો પક્ષે પોતાની અરજીના સર્મથનમાં નીચે મુજબ મૌખિક પુરાવાઓ રજુ રાખેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u> ::–**

૧) અરજદાર નં.૧ શાહ હર્ષવર્ધનભાઈ નું પુરાવાનું સોગંદનામું. આંક–૦૭

૨) અરજદાર નં. ૨ માનસીબેન ડો.ઓ. હીંમતભાઈ મહેતાનું પુરાવાનું સોગદનામું. આંક–૦૮

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u> ::–**

૧) અરજદાર નં. ૧ નું આધાર કાર્ડ આંક–૧૦

૨) અરજદાર નં. ૨ નું આધાર કાર્ડ આંક–૧૧

૩) અરજદારનું મેરેજ સર્ટીફીકેટ આંક–૧૨

૪) લગ્ન કંકોત્રી આંક–૧૩

૫) ફોટોગ્રાફસ નંગ–૧. આંક–૧૪

આ કામે આંક – ૧૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.

(૩) સદરહું અરજીના ન્યાય નિર્ણય માટે આંક–૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

1.. Whether the consent given by the applicants for dissolution of their marriage is free and without any pressure and influence ?

2.. Whether the applicants proves that, he is entitled to get the decree of divorce ?

3.. What Order ?

(૪) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**<u>મુદ્દા નં. ૧ થી ૩ :–</u>**

(૫) પક્ષકારો તરફે પોતાના કેસની હકીકતો સાબિત કરવા માટે આ કામના અરજદાર નં. ૧ શાહ હર્ષવર્ધન નરેશભાઈનાઓએ આંક–૦૭ થી તથા અરજદાર નં. ૨ માનસીબેન ડો.ઓફ હિંમતભાઈ મહેતા તે વા.ઓફ હર્ષવર્ધન શાહ એ આંક–૦૮ થી સોગંદનામુ રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે. પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ સોગંદનામા તથા અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો બંન્ને અરજદારો એક બીજા સાથે પતિ પત્ની તરીકે સાથે રહેતા હતા પરંતુ ગઈ તારીખ : ૫/૯/૨૦૨૪ થી એક બીજાથી જુદા રહે છે અને બંન્ને પક્ષકારોને એક બીજાથી મનમેળ ન હતો અને નાની નાની વાતમાં મતભેદ થતા હતા જે દરરોજ થતા હતા. બંન્ને પક્ષકારો વચ્ચે ઉભા થતા મતભેદના કારણે બંન્ને પક્ષકારો એક બીજા સાથે રહીને જીંદગી વિતાવી શકે તેમ ન હતા જેથી તારીખ : ૫/૯/૨૦૨૪ થી  પક્ષકારો એક બીજાથી તદન જુદા રહે છે. બંન્ને પક્ષકારોનો સ્વભાવ એક બીજાથી વિરૂધ્ધનો હોય જેથી તેઓની વચ્ચે નાની બાબતોમાં ઘર્ષણ ઉભુ થતુ રહેતુ હતુ આ નીત્યક્રમ બની જતા તેઓનું લગ્ન જીવન દુઃખદ અને અસહય બની ગયેલ હતુ જેથી બંન્ને અરજદારો નં. ૧ તથા ૨ ની ઉમર નાની હોય જેથી એક બીજાથી પરસ્પર સંમતીથી લગ્ન જીવનમાં છુટાછેડા લેવાનો નીર્ણય કરેલ છે. બંન્ને પક્ષકારો કોઈ સંજોગોમાં સાથે રહીને તેઓનું લગ્ન જીવન આગળ ચલાવી શકે તેમ નથી. બંન્ને પક્ષકારોના માતા પિતા સગા સબંધી વિગેરેએ તેઓની વચ્ચે સમાધાન અંગેના પ્રયત્નો  કરવામાં આવેલ છે તે પણ નિષ્ફળ રહેલ છે.

આમ, અરજદાર નં. ૧ તથા અરજદાર નં. ૨ નાએ એક બીજાથી છુટાછેડા લેવાનો નીર્ણય કરતા અરજદાર નં. ૧ નાએ અરજદાર નં. ૨ ને આજીવન ભરણ પોષણ પેટે રૂા. ૪,૦૦,૦૦૦/– અંકે ચાર લાખ પુરા તારીખ : ૩/૦૮/૨૦૨૫ ના રોજ ચોટીલા મધ્યે ચુકવી આપેલ છે જે રકમ અરજદાર નં.૨ નાએ સ્વેચ્છાએ આજીવન ભરણ પોષણ પેટે સ્વીકારતા

ભવિષ્યમાં કયારેય અરજદાર નં.૨ એ અરજદાર નં. ૧ પાસેથી ભરણ પોષણ મેળવવા હકદાર રહીશુ નહિં કે અરજદાર નં. ૧ ની સ્થાવર કે જંગમ મીલ્કતમાંથી લાગ ભાગ હકક હીત હીસ્સો મેળવવા હકદાર રહીશુ નહી અને ભવિષ્યમાં અરજદાર નં. ૧ પાસેથી ભરણ પોષણ મેળવવાનો હકક અરજદાર નં. ૨ ના સ્વેચ્છાએ જતો કરેલ છે. અરજદાર નં. ૨ ના કરીયાવરની તમામ ચીજવસ્તુઓ તથા દર દાગીના ઝવેરાત અરજદાર નં. ૧ નાએ અરજદાર નં. ૨ ને સોંપી આપેલ છે. બંન્ને પક્ષકારોએ એક બીજાને એક બીજાની તમામ ચીજવસ્તુઓ તેઓની વચ્ચે થયેલ કરાર મુજબ પરત સોંપી આપેલ છે. આ અગાઉ બંન્નેએ એક બીજાથી છુટાછેડા લેવા અરજી દાખલ કરેલ નથી. આજ પછી બંન્ને પક્ષકારોએ એક બીજા સામે ફરીયાદ દાવા વિગેરે કરવાનુ નથી જેની એક બીજાને ખાત્રી આપેલ છે.

આમ, આ રીતે અરજદારોનુ લગ્ન જીવન પડી ભાંગેલુ અને આજદિન સુધી સાથે રહી શકે તેવી કોઈ શક્યતા જણાતી નથી. અરજદારો વચ્ચે ભાંગેલા લગ્ન જીવનનુ સુખદ નિવારણ આવે તે માટે બંને અરજદારોએ પરસ્પર સંમતિથી તેમના વડીલોની મધ્ય સ્થિતિમાં વાતચીતના માધ્યમથી લગ્ન જીવનનો કાયમી અંત આણવાનુ નકકી કરેલુ અને બંને અરજદારો વચ્ચે લગ્ન જીવનનો અંત આણવાનુ નકકી થતા અરજદારોએ પરસ્પર સંમતિથી સદર છુટાછેડાનુ હુકમનામું મેળવવા હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩ (બી)(૧) મુજબનો દાવો નામદાર કોર્ટમા દાખલ કરેલ છે. તેમજ અરજદાર નં. ૧ ની કોઈ સ્થાવર જંગમ મિલ્કત ઉપર અરજદાર નં. ૨ ને કોઈ હકક કે અધિકાર રહેતો નથી તેવી જ રીતે અરજદાર નં. ૨ ની કોઈ સ્થાવર જંગમ મિલ્કત ઉપર અરજદાર નં. ૧ ને કોઈ હકક કે અધિકાર રહેતો નથી અને ડીકી ઓફ ડાયવોર્સ મળી ગયા બાદ પોતાની મરજીથી સ્વતંત્ર રીતે પોતાની રીતે પુનઃલગ્ન કરી શકે તેમાં કોઈ પક્ષકારએ કોઈ વાંધો લેવાનો નથી. આમ પક્ષકારો વચ્ચેના લગ્ન જીવનનો અંત આવેલાનુ અને પક્ષકારો તા. ૦૫/૦૯ /૨૦૨૪ થી એકબીજાથી અલગ રહેતા હોવાનુ આ અદાલતનું માનવું છે. અરજદારોએ હાલની અરજી કર્યા પછી એકબીજાની સાથે રહેલ હોય તેવુ પણ

ફલીત થતુ નથી. આમ અરજદારોની સોગંદનામા ઉપરની જુબાની ધ્યાને લેવામાં આવે તો પક્ષકારો માંગ્યા મુજબનું હુકમનામું મેળવવા હકકદાર થતા હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**II હુ ક મ II**

- અરજદારો તરફે કરવામાં આવેલ હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩ (બી) (૧) મુજબની અરજી મંજુર કરવામાં આવે છે.
- અરજદાર નં. (૧) શાહ હર્ષવર્ધન નરેશભાઈ,ઉ.વ.૨૭, ધર્મે હિન્દુ, ધંધો પ્રાઈવેટ નોકરી, રે. રાધેદર્શન સોસાયટી, ૧/૧૭, બાવળા રોડ,ટવીન્સ બંગ્લોઝ, સાણંદ,તા.જી. અમદાવાદ, અરજદાર નં. (૨) માનસીબેન ડો.ઓફ હિંમતભાઈ મહેતા તે વા.ઓફ હર્ષવર્ધન શાહ ઉ.વ.૨૩, ધર્મે હિન્દુ, ધંધો ઘરકામ, રે.રામજી મંદિરની બાજુમા, જૈન દેરાસર પાસે, થાનગઢ, તા. થાનગઢ, જી. સુરેન્દ્રનગર નાઓ વચ્ચે તા.૧૧/૦૨/૨૦૨૩ ના રોજ થયેલ લગ્ન હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩ (બી) (૧) મુજબ પરસ્પર એકબીજાની સંમતીથી લગ્ન–વિચ્છેદ જાહેર કરવામાં આવે છે.
- ખર્ચ સંબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી.
- હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ તા. ૧૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૩/૨૦૨૬.
સુરેન્દ્રનગર.

(જીગ્નેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર.
Code No. GJ00989